નં.- એમવીએ/ડીલર/રજીસ્ટ્રેશન/ઓન/૩૫૭૨
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
બ્લોકન નં.-૬, ૨જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખઃ-

19 JUN 2012

પ્રતિ,
સહાયક/પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી,
તમામ.

વિષયઃ- નોન-ટ્રાન્સપોર્ટ વર્ગમાં આવતા દ્વિચક્રીય વાહનો અને અંગત વપરાશની મોટરકારની નોંધણી અને ભૌતિક ચકાસણીની પધ્ધતિમાં સરળીકરણ બાબત.

સંદર્ભઃ- (૧) બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ઠરાવ ક્રમાંક નં.- એમવીડી/૧૦૧૨/૮૫૨/ખ તાઃ ૦૭.૦૫.૨૦૧૨.

(૨) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક નં.-એમવીએ/નોંધણી સરળીકરણ/૩૩૩૫ તાઃ ૦૭.૦૬.૨૦૧૨.

શ્રીમાન,

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અંગત વપરાશના નોન-ટ્રાન્સપોર્ટ વર્ગના દ્વિચક્રીય વાહનો અને મોટરકારની નોંધણી ની પ્રક્રિયામાં સરળીકરણ કરવા સંદર્ભ-૧માં જણાવેલા ઠરાવ થી અપનાવવામાં આવેલ પધ્ધતિમાં ડીલર ધ્વારા આપવાનું થતું વાહન તપાસણી પ્રમાણપત્ર વાહનવ્યવહાર કમિશ્નરશ્રી કચેરી ધ્વારા માન્ય થયેલ ડીલર આપી શકે તેવું ઠરાવવામાં આવેલ છે. આ સંદર્ભે વધુ સ્પષ્ટતા અંગે થયેલ રજુઆત ધ્યાનમાં લઇ આ બાબતે ડીલરને માન્યતા આપતી વખતે સંદર્ભ-૨ના પરિપત્રમાં ઠરાવેલી લાયકાતો ધરાવવા ઉપરાંત તે ડીલર વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા આપવામાં આવેલ કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર આપવાની અધિકૃતતા ધરાવતા હોય તો જ 'માન્ય ડીલર' તરીકે અધિકૃતતા આપવા સૂચના આપવામાં આવે છે. આથી હવે આ પધ્ધતિ માટે માન્યતા મેળવવા ઇચ્છતા ડીલરે સંદર્ભ-૨ ના પરિપત્રમાં જણાવેલી અરજી સાથે કમિશ્નર કચેરી ધ્વારા કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર ઇસ્યુ કરવા ડીલરને આપવામાં આવેલ અધિકૃતતાનો હુકમ જોડવાનો રહેશે.

આ સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજૂરી મુજબ.

સંયુકત વાહનવ્યવહાર નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

D:\COMMISSIONER OF TRANSPORT 06.06.2012\14 COT OFFICE BRANCH\20 MVA Branch\Noting.doc

નોન- ટ્રાન્સપોર્ટ વર્ગમાં આવતા દ્વિચક્રિય
વાહનો અને અંગત વપરાશની મોટરકારની
નોંધણી અને ભૌતિક ચકાસણીની પધ્ધતીમાં
સરળીકરણ.

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર

પરિપત્ર ક્રમાંકઃ- એમવીએ/નોંધણી સરળીકરણ/ ૩૩૩૫

તા. ૦૬/ ૦૬ /૨૦૧૨ 07 JUN 2012

વંચાણે લીધાઃ-

- બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંકઃ એમવીડી/૧૦૧૨/૮૫૨/ખ,તા. ૦૭/૦૫/૨૦૧૨.

આમુખઃ-

૧. ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન દર વર્ષે સરેરાશ ૮ લાખ જેટલા વાહનોની નવી નોંધણી થઇ હતી. નવા વાહનોની નોંધણીનો વૃધ્ધિ દરવર્ષે અંદાજે ૮ ટકા જેટલો છે. દર વર્ષે નવા નોંધાતા વાહનો પૈકી ૮૦ ટકા જેટલો હિસ્સો અંગત વપરાશના દ્રિચક્રીય વાહનો તેમજ મોટર કારનો છે. આ વાહનોની નોંધણી કરાવવા હાલની પધ્ધતિ પ્રમાણે વાહનને સંબંધિત RTO કચેરીઓમાં ફરજીયાત લઇ જવુ પડે છે. તેથી વાહન માલીકો/અરજદારોનો ઘણો જ સમય જાય છે. સાથે સાથે વહીવટી તંત્રનું કાર્યભારણ વધે છે. જેથી સંપૂર્ણ પ્રક્રિયામાં બિન જરૂરી વિલંબ થાય છે. આથી મોટરકાર અને દ્વિચક્રિય વાહનો ના વાહન માલિકો સમય બચી રહે, નોંધણીની પધ્ધતિ સરળ તેમજ પારદર્શી બને અને વહીવટી તંત્રને પણ અનુકુળ થાય તે માટે કાયદાકીય જોગવાઇઓ લક્ષમાં લઇ કાળજીપૂર્વકની વિચારણાબાદ સરકારશ્રીએ અંગત વપરાશના દ્રિચક્રીય વાહનો તેમજ મોટર કારની નોંધણીની પધ્ધતિમાં જાહેરહિતમાં વંચાણે લીધા-૧ના ઠરાવથી સરળીકરણ કરલ છે. આ ઠરાવની નકલ <u>પરિશિષ્ટ-અ</u>થી સામેલ છે.

આ ઠરાવથી સૂચના આપવામાં આવ્યા મુજબ ગુજરાત રાજયમાં ખરીદી કર્યાબાદ નોંધણી માટે લાવવામાં આવતાં ભારતમાં ઉત્પાદિત થયેલા, કુલ્લી બોડી બીલ્ટ, ટાઇપ એપ્રુવ્ડ, નોન ટ્રાન્સપોર્ટ વર્ગના દ્રિચક્રિય વાહનો અને મોટરકાર વર્ગના વાહનો માટે માન્ય ડીલર દ્વારા વાહન તપાસણી પ્રમાણપત્ર નિયત નમુનામાં આપેલ હશે અને તે પ્રમાણપત્ર વાહન નોંધણીના ફોમ-૨૦ સાથે બીડેલ હશે તો તેવા વાહનોને નોંધણી પૂર્વે ચકાસણી અર્થે RTO કચેરીમાં ફરજીયાત પણે લાવવાના રહેશે નહી પરંતુ પ્રમાણપત્રની ચકાસણી કરી સહાયક મોટર વાહન નિરીક્ષક કે તેનાથી ઉપરના અધીકારીશ્રીને ખાત્રી થયેથી તેના આધારે વાહનોની નોંધણી કરવાની વહીવટી પધ્ધતિ અપનાવવામાં આવે છે. આમ આ ઠરાવથી અમલમાં આવેલ પધ્ધતિ સિવાયની વાહનની નોંધણીની પ્રક્રિયા યથાવત રહે છે.